જા.ન/પગાર/ડેટા/ડીસેમ્બર/૨૦૨૧/૧૫૯૯૨.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઇન્સ,સુરત
તા.૦૪/૧૨/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/
સંસ્કૃત પાઠશાળા તરફ.

વિષય:- માહે ડીસેમ્બર-૨૦૨૧ પેઈડ ઈન જાન્યુઆરી-૨૦૨૨ માટે પગારનાં ડેટા રજુ કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે,આ કચેરી હસ્તક આવેલ સુરત જિલ્લાની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળા માટે **માહે ડીસેમ્બર-૨૦૨૧ પેઈડ ઈન જાન્યુઆરી-૨૦૨૨** માટે પગારનાં ડેટા નીચે મુજબની તારીખે સ્વીકારવામાં આવશે.તે મુજબ સમય મર્યાદામાં પગારનાં ડેટા બિનચૂક રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ/વાર | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૧ | તા.૦૭/૧૨/૨૦૨૧ મંગળવાર | ૧ થી ૧૧૨ તથા ૨૪૯,૨૫૦,૨૫૧,૨૫૪,૨૫૬, ૨૫૮, ૩૦૧ | ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કુલ,નાનપુરા,સુરત | સવારે ૧૧-૦૦ થી ૦૪-૦૦ સુધી |
| ૨ | તા.૦૮/૧૨/૨૦૨૧ બુધવાર | ૧૧૩ થી ૨૨૯ તથા ૨૫૨,૨૫૭,૨૬૧,૨૭૩ | બી એ બી એસ સાર્વજનિક હાઈસ્કુલ,બારડોલી,સુરત | સવારે ૧૧-૦૦ થી ૦૪-૦૦ સુધી |

નોંધ:-પગાર ડેટા રજુ કરતી વખતે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

- પગાર ડેટા શાળાનાં પગાર સબંધિત કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા જ રજુ કરવાનાં રહેશે અથવા શાળાનાં આચાર્યશ્રી દ્વારા રજુ કરવાનાં રહેશે. સબંધિત કામગીરી કરતા કર્મચારી/આચાર્યશ્રી શાળામાં ન હોય તો પગાર ડેટા રજુ કરવા માટે મોકલવામાં આવતાં કર્મચારીને સદર કામગીરી માટે ઓથોરીટી આપી મોકલવાનાં રહેશે. પગાર સબંધિત કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા ડેટા રજુ કરવામાં આવશે તો ડેટા સ્વીકારવામાં આવશે નહિ.જેની શાળાનાં આચાર્યશ્રીએ નોંધ લેવી.
- માહે-નવેમ્બર-૨૦૨૧ નું ઓનલાઈન બીલની પ્રિન્ટ કાઢી તેનો અભ્યાસ કરી પગાર ડેટા રજુ કરવાનાં રહેશે.સમયમર્યાદા બાદ ડેટા સ્વીકારવામાં આવશે નહિ.
- સદર માસમાં પગાર ડેટા સાથે માહે-ડીસેમ્બર-૨૦૨૧ ની મહેકમ માહિતી ગત વર્ષે રજુ કરેલ નમૂના મુજબ રજુ કરવાની રહેશે.
- શાળા દ્વારા રજુ કરવામાં આવતાં પગાર ડેટાનાં દરેક પત્રકો પર શાળા કોમ્પ્યુટર કોડનાં સિક્કા અવશ્ય કરવા.
- શાળા દ્વારા રજુ કરવામાં આવતાં પગાર ડેટાનાં પત્રકોમાં એમ્પ્લોય નંબર,બજેટ કોડ,ડેટા ટાઈપ,કંપની કોડ વગેરે ચોકસાઈપૂર્વક અને ક્ષતિરહિત ભરવાનાં રહેશે.જેની ખાસ નોંધ લેશો.

હિસાબી અધિકારી(વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત,જિલ્લો-સુરત.